ગાંધીનગર સમાચાર

# ચિલ્ડ્રન ક્લબમાં જૂની રમતો ને વાર્તાઓ





ગાંધીનગર, તા. ૧૦

બાળકોનાં સંપૂર્ણ વ્યક્તિત્વ વિકાસના ધ્યેય સાથે જી ઈ ક્લબ દ્વારા ગાંધીનગરમાં શરૂ કરાયેલી ગાંધીનગર ચિલ્ડ્રન ક્લબની બીજી બેઠક ઍસઍસવી સ્કૂલ ખાતે યોજાઈ હતી, જેમાં જૂની રમતો અને વાર્તાઓનો દોર જામ્યો હતો. બેઠકની શરૂઆતમાં પ્રાર્થના અને શહીદોને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. એ પછી જે સભ્યોના જન્મદિન જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસમાં આવી ગયા છે તેમને ચૉકલેટ અને શુભકામનાઓ અર્પણ કરવામાં આવી હતી. એમની પાસે રિટર્ન ગિફ્ટ પણ માગવામાં આવી હતી. રિટર્ન ગિફ્ટ તરીકે તેમને એક જરૂરિયાતમંદ પણ હોંશિયાર વિદ્યાર્થીને અભ્યાસ માટે જરૂરી એક પુસ્તક ભેટમાં આપવાનું કહેવામાં આવ્યું હતું.

ચિલ્ડ્રન ક્લબના સામાન્ય નિયમોની સમજ સભ્ય બાળકોને ડિરેક્ટર નિષ્ઠા જોષી દ્વારા આપવામાં આવી હતી અને સ્વયંસેવક આશીના હસ્તે પ્રથમ બેઠકમાં અનુપસ્થિત સભ્યોને કિટ ભેટમાં આપવામાં આવી હતી. એ પછી ૪૫ મિનીટી સુધી મેદાનમાં રમતોનો દોર ચાલ્યો હતો.

ક્લબના ડિરેક્ટર મૌન સાધુ દ્વારા ધીમી અને ઝડપી દોડની રમત રમાડાઈ. એ પછી સભ્યોને સાથ જૂથોમાં વહેંચવામાં આવ્યાં ને દરેક જૂથે લખોટીની રમત માંડી. દીકરીઓની બહુમતી ધરાવતી એક ટીમે તો વળી લખોટી રમ્યા બાદ જૂની રમત 'કેપ્ટન કેપ્ટન સ્ટાઈલ બદલ' પણ રમી. એ પછી સ્કૂલના હૉલમાં વાર્તાઓની શરૂઆત કરવામાં આવી હતી.

સાંભળવામાં સારી લાગે ઉપરાંત કંઈક શીખ પણ આપે એવી વાર્તાઓ બાળકોએ કરી ને પોતાની પ્રતિભાનો સુપેરે પરચો આપ્યો હતો. ક્લબની આ બીજી બેઠકનું આયોજન, સંચાલન સંજય થોરાત દ્વારા કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



શર્મિષ્ઠાબેન જગદીશચંદ્ર દવે
મો. ૯૮૯૮૧ ૬૧૨૭૦



નિમિષા શુક્લ
લાયોનેસ ક્લબ



ગીતાબેન બી શાહ
મો. ૯૮૨૪૪ ૨૨૫૧૫



શિવમ એન પરમાર
મો. ૯૭૧૨૭ ૩૩૩૧૬



શ્રી સ્વામીનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં ઉજવાયેલા અમૃત સર્વ મંગલ મહોત્સવના સમાપન દિને સર્વોપરી શ્રી સ્વામીનારાયણ ભગવાનનું ષોડષોપચોર વૈદિક મંત્રોચ્ચાર સહિત પૂજન અર્ચન, અભિષેક, આરતી કરાઈ હતી અને ભગવાનને અન્નકૂટ ધરાવાયો હતો. દેશ માટે શહીદી વહોરનારા શહીદોને આ પ્રસંગે યાદ કરી તેમના આત્માની શાંતિ માટે ધૂન, પ્રાર્થના કરવામાં આવી હતી.

# ગણપત યુનિ.માં નૅશનલ રિસર્ચ કન્વેન્શન

## સમગ્ર ભારતની ૧૮ પ્રદેશ ના ૪૨ યુનિ.ના ૧૧૫ રિસર્ચ સ્કોલર્સ ભાગ લેશે

ગાંધીનગર, તા. ૧૦

ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં રીચર્ચનું કલ્ચર વિકાસ પામે તેવા ઉમદા હેતુ સાથે કાર્યરત એસોસિયેશન ઓફ ઈન્ડીયન યુનિવર્સીટીઝ દ્વારા ગણપત યુનિ. ના આંગણે તા. ૧૨ થી ૧૪ માર્ચ દરમિયાન અન્વેન્શન ૨૦૧૮ નામે નેશનલ લેવલ સ્ટુડન્ટ રીસર્ચ કન્વેન્શનનું આયોજન કરાયું છે. જેમાં ૧૧૫ રિસર્ચ સ્કોલર્સ એમના ૬૮ જેટલાં પ્રોજેક્ટ્સનું પ્રેઝન્ટેશન કરશે. જેઓ સમગ્ર દેશમાં પાંચ ઝોનલ કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરે જે તે વિભાગમાં વિજેતા થયેલ છે.

રિસર્ચ સ્કોલર્સ દ્વારા રજુ થનારા પ્રોજેક્ટ્સ અધ્યાયનની વિવિધ શાખાઓ મુખ્યત્વે એગ્રીકલ્ચર, બેઝીક સાયન્સ, એન્જીન્યરીંગ અને ટેકનોલોજી, હેલ્થ સાયન્સિસ, ફાર્મસી અને ન્યુટ્રીશન, સોશિયલ સાયન્સિસ, હ્યુંમેનિટીઝ, કોમર્સ તેમજ લૉ જેવા સંબધિત વિષયો અંગેના હશે.

આ કન્વેન્શનમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. શંકર વેણુગોપાલ, વાઈસ પ્રેસિડન્ટ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા તેમજ ડૉ. યુ. ચંદ્રશેખર જેમનુ સંરક્ષણ સંશોધન ના ક્ષેત્ર માં મહત્વનુ યોગદાન છે અને હાલમાં વાઈસ ચેરમેન એફઆઈઈ, એનએએફઈએમએસ તરીકે કાર્યરત છે તેઓ ખાસ ઉપસ્થિત રહી રિસર્ચ સ્કોલર્સને માર્ગદર્શન આપશે. એસોશિયેશન ઓફ ઈન્ડિયન યુનિવર્સીટીઝ ના અધ્યક્ષ ડૉ. સંદીપ સંચેતી, ઉપરાંત ગણપત યુનિવર્સીટીના અધ્યક્ષ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ અને ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ.મહેન્દ્ર શર્મા પણ ખાસ ઉપસ્થિત રહેશે.

કન્વેન્શનના સમગ્ર આયોજન માટેની વ્યવસ્થાપન કમીટીમાંના એઆઈયુના ડૉ. અમરેન્દ્ર પાની, ડેપ્યુટી ડાયરેક્ટર રીસર્ચ અને ચીફ કો-ઓર્ડીનેટર તેમજ ડૉ. ઉષા રાય નેગી, આસિસ્ટન્ટ ડાયરેક્ટર રીસર્ચ તદપરાંત ગણપત યુનિવર્સીટીના કોમ્પુટર એપ્લીકેશન્સ ફેકલ્ટીના ડીન ડૉ.સત્યેન પરીખ-ઈવેન્ટ કો-ઓર્ડીનેટર અને તેમની ટીમ સમગ્ર આયોજનને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

## દુષ્કાળને લક્ષમાં રાખીને પાણીની બચત કરવા

# સારંગપુરના પુષ્પદોલોત્સવે પાણીનો ઉપયોગ કરવામાં નહીં આવે

ગાંધીનગર, તા. ૧૦

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયથી તીર્થધામ સારંગપુર (જિ. બોટાદ) અહીંના ઉત્સવ માટે અને ખાસ કરીને રંગોત્સવ માટે પ્રખ્યાત છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે અહીં રંગોત્સવ કરીને સૌને દિવ્ય આનંદ આપ્યો હતો તેની સ્મૃતિમાં આજપર્યંત પ્રતિ વર્ષે હોળી-પુષ્પદોલોત્સવ પ્રસંગે અહીં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા રંગોત્સવ યોજવામાં આવે છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અહીંના રંગોત્સવને એક વિશેષ આધ્યાત્મિક મહત્ત્વ આપીને લાખો ભક્તોમાં તેનું અનોખું આકર્ષણ જન્માવ્યું હતું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અનુગામી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં પણ આ રંગોત્સવ ઉજવાય છે.

પરંતુ ગતવર્ષે જરૂરિયાત કરતાં ઓછો વરસાદ થયો હોવાને કારણે ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં દુષ્કાળની જાહેરાત કરવામાં આવી છે. આવા કટોકટીના સમયે પોતાની નૈતિક જવાબદારી સમજીને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા હંમેશાં સમાજહિત માટે પહેલ કરવામાં આવી છે. આથી દુષ્કાળની આ સમસ્યાને લક્ષમાં રાખીને, પાણીનો બચાવ કરવા માટે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ પુષ્પદોલોત્સવ-હોળી પ્રસંગે રંગોત્સવની ઉજવણી સાદગીથી કરવાનું નિરધાર્યું છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આંતરરાષ્ટ્રીય સંયોજક પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી દ્વારા જણાવવામાં આવ્યું છે કે 'દુષ્કાળનો પ્રસંગ હોય કે ભૂકંપરાહતકાર્ય હોય કે પુલવામા ખાતે શહીદ થયેલા સૈનિકોને સહાય આપવાની બાબત હોય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ તેના સૂત્રધાર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને તેમના અનુગામી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આદેશ મુજબ આવા પ્રસંગે સૌને પ્રેરણા આપતી પહેલ કરી છે.

એ જ રીતે આ વર્ષે દુષ્કાળની પરિસ્થિતિને લક્ષમાં રાખીને પાણીના બચાવ માટે સારંગપુર ખાતે તા. ૨૧-૩-૨૦૧૯ના રોજ પુષ્પદોલોત્સવનો કાર્યક્રમ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં યોજાશે પરંતુ તેમાં પાણીનો ઉપયોગ કરવામાં નહીં આવે. સરકારશ્રીના 'પાણી બચાવો' જાહેર હિતના અભિયાનમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા આ રીતે એક મહત્ત્વનું યોગદાન આપશે.'

# સેવાની જ્યોત

મૌલાના મજહરુલ હક્ક અને હું એક વખત લંડનમાં ભણતા. ત્યાર બાદ અમે મુંબઈમાં ૧૯૧૫ની મહાસભામાં મળેલા. તે વર્ષે તેઓ મુસ્લિમ લીગના પ્રમુખ હતા. તેમણે જુની ઓળખાણ કાઢી મને પટણા જાઉં ત્યારે તેમને ત્યાં જવાનું આમંત્રણ આપ્યું હતું. આ આમંત્રણને આધારે મેં તેમને ચિઠ્ઠી મોકલી ને મારું કામ જણાવ્યું. તેઓ તુરત પોતાની મોટર લાવ્યા ને મને પોતાને ત્યાં લઈ જવાનો આગ્રહ કર્યો. મેં તેમનો ઉપકાર માન્યો ને મારે જ્યાં જવાનું હતું ત્યા મને પહેલી ટ્રેનથી રવાના કરી દેવાનું કહ્યું. રેલવે ગાઈડથી મને ખબર પડી શકે તેમ નહોતું. તેમણે રાજકુમાર શુક્લ સાથે વાત કરી ને મારે પ્રથમ તો મુઝફ્ફરપુર જવું જોઈએ એમ સૂચવ્યું. તે જ દિવસે સાંજે મુઝફ્ફરપુરની ટ્રેન જતી હતી તેમાં મને તેમણે રવાના કર્યો. મુઝફ્ફરપુરમાં તે વખતે આચાર્ય કુપલાની રહેતા હતા. તેમને હું ઓળખતો હતો. હૈદરાબાદ ગયો ત્યારે તેમના મહાત્યાગની, તેમના જીવનની ને તેમના દ્રવ્યથી ચાલતા આશ્રમની વાત દા. ચોઈથરામને મોઢેથી સાંભળી હતી. તે મુઝફ્ફરપુર કોલેજમાં પ્રોફેસર હતા. તેમાંથી પરવારી બેઠા હતા. મે તેમને તાર કર્યો. મુઝફ્ફરપુર ટ્રેન મધરાતે પહોંચતી હતી. તે પોતાના શિષ્યમંડળને લઈને હાજર થયા હતા. પણ તેમને ઘરબાર નહોતાં. તે અધ્યાપક મલકાનીને ત્યાંની કોલેજના પ્રોફેસર હતા, અને તે વખતના વાતાવરણમાં સરકારી કોલેજના પ્રોફેસરે મને સંઘરવો એ અસાધારણ પગલું ગણાય.




કુપલાનીજીએ બિહારની અને તેમાંય તિરહુત વિભાગની દીન દશાની વાત કરી ને મારા કામની કઠણાઈનો ખ્યાલ આપ્યો. કુપલાનીજીએ બિહારીઓ સાથે ગાઢ સંબંધ બાંધી લીધો હતો. તેમણે મારા કામની વાત તેમને કરી મૂકી હતી. સવારે નાનકડું વકીલમંડળ મારી પાસે આવ્યું. તેમાંની રામનવમીપ્રસાદ મને યાદ રહી ગયા છે.તેમણે પોતાના આગ્રહથી મારું ધ્યાન ખેંચ્યું. (ક્રમશઃ)



'સત્યના પ્રયોગો'માંથી સાભાર

# ભારતીય સંસ્કૃતિને સૌ માનથી જુએ છે

## 'મીસ એશિયા ઈન્ટરનેશનલ' પૂજા સિંઘ અને 'મિસ્ટર ટેલેન્ટ રનર્સ-અપ' વિશ્વાસ જૈન સાથે 'ગાંધીનગર સમાચાર'ની ઍક્સક્લુઝિવ મુલાકાત

'ભારતીય સંસ્કૃતિને સૌ માનથી જુએ છે.' આ શબ્દો છે નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી, ગાંધીનગર ખાતે તૃતિય વર્ષમાં અભ્યાસ કરતી અને તાજેતરમાં 'મીસ એશિયા ઈન્ટરનેશનલ' ટાઈટલ વિજેતા પૂજા સતીષકુમાર સિંઘના.




ગાંધીનગર સમાચારના વાચકો એ સમાચારથી અવગત છે કે થાઈલેન્ડના બેન્ગકોક ખાતે આયોજિત 'મિસ્ટર એન્ડ મિસ એશિયા ઈન્ટરનેશનલ' સ્પર્ધામાં પૂજાએ મિસ એશિયા ઈન્ટરનેશનલ અને ગાંધીનગરના જ રહેવાસી યુવાન વિશ્વાસ જૈને 'મિસ્ટર ટેલેન્ટ રનર્સ-અપ' ટાઈટલ જીતી લીધું છે. સ્પર્ધામાં ૧૫ યુવાનો અને ૧૦ યુવતિઓએ ભાગ લીધો હતો.

મૂળ મુંબઈની રહેવાસી પૂજા આ અગાઉ ૨૦૧૭માં 'મિસ ગુજરાત' રહી ચૂકી છે. તેના પિતા ટ્રાન્સપૉર્ટ બિઝનેસ સાથે સંકળાયેલા છે અને માતા ધનપતિદેવી ગૃહિણી છે. નાનો ભાઈ સમીર ઑટોમોબાઈલ એન્જિનીયરિંગનો અભ્યાસ કરે છે.

ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં પૂજાએ જણાવ્યું હતું કે તેને નાનપણથી જ મૉડેલિંગનો શોખ હતો, જે માટે માતા-પિતાએ તેને હંમેશાં પ્રોત્સાહિત કરી હતી. નીફ્ટમાં પ્રથમ વર્ષે જ તેને ફ્રેશ ફેસ રનર્સ-અપ બિરૂદ મળ્યું હતું. તેણે મુંબઈ ફેશનવીકમાં ભાગ લીધો છે અને વડોદરામાં મોડલિંગ શો પણ કર્યો છે. ફેશન કોરિયોગ્રાફર તપન વ્યાસની નજર પૂજા પર પડી અને તેઓ એનું ટેલેન્ટ પારખી ગયા. તેમણે પૂજાની વિગતો અક્ષય માર્ક ઈન્ટરનેશનલને મોકલી આપી અને પૂજા પોતાના મુકામ સુધી પહોંચી ગઈ. સ્પર્ધાના ૬ રાઉન્ડમાંથી સફળતાપૂર્વક પસાર થઈને પૂજાએ ટાઈટલ પોતાના નામે કર્યું હતું.

મૉડેલિંગનો, ફેશન ડિઝાઈનીંગનો વ્યવસાય ખૂબ સારી તકો ધરાવે છે પરંતુ તે માટે યોગ્ય નિર્ણય ખૂબ જરૂરી છે એવો સંદેશ પૂજા આજના યુવાનોને આપે છે અને ભારત દેશમાં પોતાના જન્મને પોતાની સદનસીબી પણ ગણાવે છે.

'મિસ્ટર ટેલેન્ટ રનર્સ-અપ' ટાઈટલ જીતનાર વિશ્વાસ મહેન્દ્રકુમાર જૈનના પિતા બિઝનેસમેન છે અને માતા સરલાબેન ગૃહિણી છે. વિશ્વાસ પોતે ટીન મેન્યુફેક્ચરિંગ બિઝનેસમાં પ્રવૃત્ત છે. વિશ્વાસનો મોડેલિંગ ક્ષેત્રે આ નવો અનુભવ હતો, જે તેને આંતરરાષ્ટ્રીય ટાઈટલ સુધી લઈ ગયો. પોતે સ્વીકારે છે કે આ તબક્કે તેનામાં ગભરાટ પણ હતો.

વિશ્વાસની મોડેલિંગ ક્ષેત્રમાં શરૂઆત ૨૦૧૪માં થઈ, તપન વ્યાસની મુલાકાતથી તે આ ક્ષેત્રમાં આવ્યો. પ્રથમ વખત બરોડાની પ્રાઈવેટ ઈવેન્ટમાં મોડેલિંગ કર્યું અને આત્મવિશ્વાસ વધ્યો. વિશ્વાસે પણ છ રાઉન્ડમાંથી સફળતાપૂર્વક પસાર થઈને આ ટાઈટલ પોતાને નામે કર્યું હતું. ઉલ્લેખનીય છે કે વિશ્વાસ ગાંધીનગર સ્થિત આર સી પટેલ વિદ્યાલયનો પૂર્વ વિદ્યાર્થી છે. તે આગામી ૨૧મી મે, ૨૦૧૯ના રોજ મિસ્ટર યુનાઈટેડ વર્લ્ડ સ્પર્ધામાં ભાગ લેવા જઈ રહ્યો છે.

અભિનય ક્ષેત્રે ટીવી અને ફિલ્મમાં પોતાની કારકિર્દી તે આગળ વધારવા ઈચ્છે છે. 'જીવનમાં તક મળે તો ઝડપી લેવી જોઈએ. કારણ કે કોઈ અણધારી તક ક્યારે તમને સફળતા અપાવી દે તે નક્કી નથી હોતું.' એવો વિશ્વાસનો મત છે.

